# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. નવી દલ્હીના સંસદ ભવન ખાતે રાષ્ટ્રપતિની અધ્યક્ષતામાં બંધારણ દિવસની ઉજવણી
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બંધારણ દિવસ નિમિત્તે ભારતના નાગરિકોને પત્ર લખીને ૧૯૪૯માં બંધારણના ઐતિહાસિક સ્વીકારને યાદ કર્યો
3. ગુજરાતના કમરસદથી કેવડિયા સુધીની રાષ્ટ્રીય એકતા પદયાત્રાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આરંભ કરાવ્યો
4. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હૈદરાબાદમાં સફ્રાન એરક્રાફ્ટ એન્જિન સર્વિસીસ ઈન્ડિયા યુનિટનું વિડીયો કોન્ફરન્સ દ્વારા ઉદ્ઘાટન કર્યું
5. 26 નવેમ્બર 2008માં મુંબઈ આતંકી હુમલામાં જીવનનું બલિદાન આપનારા બહાદુર સૈનિકોને રાષ્ટ્રપતિ, ગૃહમંત્રી અને સંરક્ષણ મંત્રીએ શ્રદ્ધાંજલિ અર્પી
6. વૈશ્વિક બજારોમાં સકારાત્મક વલણના પગલે ભારતીય શેરબજારમાં તેજીનો માહોલ

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# CONSTITUTION DAY EARLY

સ્વતંત્ર ભારતમાં 1949માં આજના દિવસે બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે બંધારણ દિવસ નિમિત્તે નવી દિલ્હીના સંવિધાન સદનના સેન્ટ્રલ હોલમાં બંધારણની પ્રસ્તાવના વાંચનનું નેતૃત્વ કર્યું. આ પ્રસંગે સંબોધન કરતાં રાષ્ટ્રપતિ મુર્મુએ ભારતીય સંસદ વિશ્વભરના ઘણા દેશો માટે એક ઉદાહરણરૂપ બની હોવા પર  ભાર મૂક્યો હતો. તેમણે નોંધ્યું કે બંધારણના નિર્માતાઓ સુનિશ્ચિત કરવા માંગતા હતા કે બંધારણ દ્વારા લોકોના સામૂહિક અને વ્યક્તિગત ગૌરવનું રક્ષણ થાય.

(BYTE: રાષ્ટ્રપતિ)

આ પ્રસંગે સંબોધન કરતા ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે મહાન વિદ્વાનો, મુસદ્દા સમિતિ અને બંધારણ સભાના સભ્યોએ કરોડો ભારતીયોની આશાઓ અને આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે સમજદાર વિચારો આપ્યા છે. શ્રી રાધાકૃષ્ણને બંધારણ ઘડનારા ડૉ. બી. આર. આંબેડકર, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, એન. ગોપાલસ્વામી આયંગર, અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર અને અન્યોને પણ શ્રદ્ધાંજલિ આપી.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ભારતની બંધારણ સભાના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અને ડૉ. ભીમરાવ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપી અને બંધારણ સભાના તમામ સભ્યો સાથે તેમને બંધારણના ઘડવૈયા તરીકે બિરદાવ્યા હતા.

(બાઈટ: ઓમ બિરલા )

આ પ્રસંગે રાષ્ટ્રપતિએ મલયાલમ, મરાઠી, નેપાળી, પંજાબી, બોડો, કાશ્મીરી, તેલુગુ, ઓડિયા અને આસામી સહિત નવ ભાષાઓમાં બંધારણના અનુવાદિત સંસ્કરણનું વિમોચન કર્યું.

# PM CONSTITUTION DAY-LETTER

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૯૪૯માં બંધારણના ઐતિહાસિક સ્વીકારને યાદ કરીને બંધારણ દિવસ નિમિત્તે ભારતના નાગરિકોને પત્ર લખ્યો છે. રાષ્ટ્રની પ્રગતિને માર્ગદર્શન આપવામાં બંધારણની કાયમી ભૂમિકા પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ તેમના પત્રમાં નોંધ્યું છે કે ૨૦૧૫માં સરકારે પવિત્ર દસ્તાવેજનું સન્માન કરવા માટે ૨૬ નવેમ્બરને બંધારણ દિવસ તરીકે જાહેર કર્યો હતો. પ્રધાનમંત્રીએ નાગરિકોને આહ્વાન કર્યું હતું કે તેઓ તેમના મનમાં તેમની ફરજોને પ્રથમ સ્થાને રાખે કારણ કે ભારત એક વિકસિત અને સશક્ત રાષ્ટ્રના નિર્માણના વિઝન તરફ આગળ વધી રહ્યું છે. શ્રી મોદીએ નાગરિકોને તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરીને લોકશાહીને મજબૂત બનાવવા માટે પણ વિનંતી કરી.

# GUJARAT-PADATRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલી ઉપસ્થિતિમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે આજે સરદાર વલ્લભભાઈ પટેલના જન્મસ્થળ ગુજરાતના કરમસદથી રાષ્ટ્રીય પદયાત્રાનો આરંભ થયો છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ રાષ્ટ્રીય પદયાત્રાનો આરંભ કરાવ્યો હતો.. ૧૧ દિવસની આ પદયાત્રા ૬

ડિસેમ્બરે કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સંપન્ન્ થશે, જે આશરે ૧૯૦ કિલોમીટરનું અંતર કાપશે. આ પદયાત્રા સરદાર વલ્લભભાઈ પટેલના સન્માનમાં એક રાષ્ટ્રવ્યાપી પહેલ છે..

# PM- SAESI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તેલંગાણાના હૈદરાબાદમાં સફ્રાન એરક્રાફ્ટ એન્જિન સર્વિસીસ ઈન્ડિયા યુનિટનું વિડીયો કોન્ફરન્સ દ્વારા ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે બોલતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા સ્થાનિક ઉડ્ડયન બજારોમાંનું એક છે. તેમણે ઉમેર્યું હતું કે ભારત રોકાણ અને નવીનતાનું સ્વાગત કરે છે. શ્રી મોદીએ નોંધ્યું હતું કે ઉત્પાદન લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) યોજનાએ વૈશ્વિક કંપનીઓને ભારતમાં રોકાણ અને નવીનતા લાવવા માટે આકર્ષિત કરી છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે સફ્રાન એરક્રાફ્ટ એન્જિન સર્વિસીસ ઈન્ડિયા યુનિટ આત્મનિર્ભર અને સક્ષમ ભારત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે અને આજની પહેલ ભારતના ઉડ્ડયન ઉદ્યોગને નવી સફર પર શરૂ કરવા માટે તૈયાર છે.

**(BYTE- PM MODI, AVIATION)**

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# RAJNATH - MUMBAI TERROR ATTACKS

વર્ષ 2008ની 26 મી નવેમ્બરે મુંબઈમાં આતંકવાદી હુમલો થયો હતો. તેની યાદમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશના લોકોની રક્ષા માટે પોતાના જીવનનું બલિદાન આપનારા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિએ કહ્યું કે રાષ્ટ્ર સૈનિકોના સર્વોચ્ચ બલિદાનને કૃતજ્ઞતા સાથે યાદ કરે છે. તેમણે દરેક નાગરિકને તમામ સ્વરૂપોમાં આતંકવાદનો સામનો કરવા અને મજબૂત અને વધુ સમૃદ્ધ ભારત બનાવવાના સંકલ્પ સાથે પ્રગતિના માર્ગ પર સાથે મળીને આગળ વધવા અપીલ કરી.

આ હુમલાનો સામનો કરતી વખતે પોતાના જીવનું બલિદાન આપનારા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપતા ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે આતંકવાદ ફક્ત એક દેશ માટે નહીં પરંતુ સમગ્ર માનવજાત માટે અભિશાપ છે. તેમણે ઉમેર્યું કે આતંકવાદ સામે સરકારની શૂન્ય-સહિષ્ણુતા નીતિ સ્પષ્ટ છે.

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે સોશિયલ મીડિયા પોસ્ટમાં, અટલ સંકલ્પ સાથે આતંકવાદનો સામનો કરનાર પોલીસ અને સુરક્ષા દળોની અસાધારણ હિંમતને શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું હતું કે દળોનું બલિદાન દેશની તમામ સ્વરૂપોના આતંકવાદ સામેની લડાઈને મજબૂત બનાવે છે.

# NIA-DELHI BOMB BLAST

રાષ્ટ્રીય તપાસ એજન્સી NIA એ આજે દિલ્હી આતંકવાદી વિસ્ફોટ પહેલા આતંકવાદી ઉમર ઉન નબીને આશ્રય આપવા બદલ ફરીદાબાદના રહેવાસીની ધરપકડ કરી. એક નિવેદનમાં NIA એ માહિતી આપી હતી કે હરિયાણાના ફરીદાબાદનો સોયાબ તરીકે ઓળખાતો આરોપી આ કેસમાં ધરપકડ કરાયેલો સાતમો મુખ્ય આરોપી હતો.

# RAJNATH - SHIPBUILDING

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે ભારત જહાજ નિર્માણ અને દરિયાઈ ક્ષેત્રે મુખ્ય વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે. તેમણે વૈશ્વિક ભાગીદારોને ભારતની વધતી જતી જહાજ નિર્માણ ક્ષમતાઓનો ઉપયોગ કરવા અને આગામી પેઢીની દરિયાઈ ક્ષમતાઓ વિકસાવવામાં સહયોગ કરવા અપીલ કરી.

સંરક્ષણ ઉત્પાદન વિભાગ દ્વારા આયોજિત "સમુદ્ર ઉત્કર્ષ" સેમિનારને સંબોધતા, સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે ભારતનું જહાજ નિર્માણ ક્ષેત્ર સતત વિકસી રહ્યું છે અને આ ક્ષેત્ર માત્ર ભારતના પ્રાદેશિક અને વૈશ્વિક સુરક્ષા હિતોનું રક્ષણ જ નથી કરી રહ્યું પરંતુ પર્યાવરણને અનુકૂળ દરિયાઈ તકનીકોને પણ અપનાવી રહ્યું છે.

# SHARE MARKET

ભારતીય શેરબજારમાં આજે તેજીનો માહોલ સર્જાયો હતો.. અમેરિકા દ્વારા વ્યાજદરમાં ઘટાડાના સંકેત, વૈશ્વિક બજારોમાં તેજી, કાચા તેલના ભાવમાં ઘટાડો અને વિદેશી રોકાણકારોની શેરોની ખરીદી જેવા સબળા પાસોઓના પગલે ભારતીય શેરબજારનો સેન્સેક્સ 700 અને નિફ્ટીમાં 250 પોઇન્ટનો મોટો ઉછાળો નોંધાયો હતો.. તમામ ક્ષેત્રના શેરો લીલા નિશાન પર કારોબાર કરી રહ્યાં છે..

# TEST MATCH

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ભારતનો 408 રને પરાજય થયો છે.. ભારતની ટીમ બીજી ઇનિગમાં 140 રનમાં ઓલ આઉટ થઇ ગયું હતું. ભારતની બીજી ઇનિગમાં રવિન્દ્ર જાડેજાએ લડાયક અર્ધી સદી નોંધાવી હતી..ભારતને જીત માટે દક્ષિણ આફ્રિકાની ટીમે 548 રનનું લક્ષ્યાંક આપ્યું હતું.. આ સાથે દક્ષિણ આફ્રિકાએ 2-0થી શ્રેણી જીતી લીધી છે.

# CHINA ROCKET LAUNCH

ચીને તેના તીઆંગોંગ સ્પેસ સ્ટેશન પર બાકી રહેલા ત્રણ અવકાશયાત્રીઓને સુરક્ષિત રીતે પરત લાવવા માટે એક ક્રુ વગરનું અવકાશયાન શેનઝોઉ-22 અંતરિક્ષમાં મોકલ્યું.

ચીનના અવકાશયાત્રીઓએ અવકાશમાં લઈને ગયેલું રોકેટ શેનઝોઉ-20 અવકાશના કાટમાળ સાથે અથડાઈને નુકસાન થતાં અવકાશયાત્રીઓ પૃથ્વી પર પાછા ફરી શક્યા નથી. ઉલ્લેખનીય છે કે ચીનની શેનઝોઉ-22 મૂળ એપ્રિલ 2026માં ક્રુ સાથે અંતરિક્ષમાં મોકલવાની યોજના હતી.